# મોદી સ્ટેડિયમમાં આઈપીએલનો રંગારંગ પ્રારંભ

**અરજીત, તમન્ના ભાટિયા, રશ્મિકા મંદાનાએ પર્ફોર્મન્સ આપ્યું : ક્રિકેટ પ્રેમીઓથી આખુ નરેન્દ્ર મોદી સ્ટેડિયમ છલકાઈ ગયું : અરજીત સિંઘે અડધા કલાકમાં ૧૨ ગીતો ગાયા**









અમદાવાદ, તા.૩૧

ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૩ની શરૂઆતની ભવ્ય રંગારંગ કાર્યક્રમથી કરવામાં આવી. લાખોની સંખ્યામાં ક્રિકેટ રસિકો અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમાં પહોંચ્યા હતા. બોલિવુડના નામચીન કલાકારોએ પરફોર્મન્સ આપીને ઈન્ડિયન પ્રીમિયર લીગની શરૂઆત કરાવી હતી. બોલિવુડના નામચીન પ્લેબેક સિંગર અરિજીત સિંઘ, પુષ્પા ફેમ એક્ટ્રેસ રશ્મિકા મંદાના અને બાહુબલીની એક્ટ્રેસ તમન્ના ભાટિયાએ પરફોર્મન્સ આપીને આઈપીએલનો શુભારંભ કરાવ્યો હતો. આઈપીએલ ૨૦૨૩ની ઓપનિંગ સેરેમનીને મંદિરા બેદીએ હોસ્ટ કરી હતી. ઓપનિંગ સેરેમનીમાં સૌથી પહેલા બોલિવુડના નામચીન પ્લેબેક સિંગર અરિજીતસિંઘે પોતાની મધુર અવાજથી ક્રિકેટ રસિકોને મંત્ર મુગ્ધ કરી દીધા હતા. અરજિંત સિંઘે પોતાના પર્ફોમન્સમાં મેરે વતન આબાદ રહે જેવા સુપરહિટ સોંગ્સ ગાઈને ક્રિકેટ રસિકોને એન્ટરટેઈન કર્યા હતા. અરજિત સિઘએ શરૂઆતમાં દેશભક્તિના ગીતો ગાયા હતા ત્યાર બાદ તેને બોલિવુડના ગીતો ગાઈને દર્શકોને નાચવા માટે મજબૂર કરી દીધા હતા. અરજીત સિંઘે જિપ્સીમાં બેસીને આખા સ્ટેડિયમમાં ચક્કર લગાવ્ય હતુ અને લોકોનું અભિવાદન કર્યુ હતું. અરજીતે પોતાના પર્ફોર્મન્સમાં ૧૨થી વધુ ગીતો ગાયા હતા અને અડધા કલાક સુધી લોકોને મનોરંજન પુરુ પાડ્યુ હતુ.

અરજીત સિંઘ બાદ તમન્ના ભાટિયાએ પોતાનુ દમદાર પરફોર્મસ આપ્યુ હતુ. તમન્ના ભાટીયાએ પોતાના પરર્ફોર્મસથી લોકોનું મન મોહી લીધુ હતુ. તમન્ના ભાટિયા જ્યારે સ્ટેજ પર આવી ત્યારે દર્શકોએ સીટી અને તાળીયોના ગળગળાટથી પુરા સ્ટેડિયમને ભરી લીધુ હતુ.

તમન્ના ભાટીયા બાદ પુષ્પા ફેમ શ્રી વલ્લી રશ્મિકા મંદાનાએ પોતાનું પરફોર્મસ આપ્યુ હતુ. પરફોર્મસ પહેલા રશ્મિકા મંદાનાએ ગુજરાત ટાઈટન્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સના ખેલાડીઓના હાલચાલ પૂછ્યા હતા અને ત્યારબાદ પોતાના પરફોર્મસથી દર્શકોના દિલ જીતી લીધા હતા. રશ્મિકાએ ઓસ્કાર એવોર્ડ જીતેલા નાટુ નાટુ સોંગ પર પણ પરફોર્મસ આપ્યુ હતુ. રશ્મિકાના પર્ફોર્મન્સ બાદ નરેન્દ્ર મોદી સ્ટેડિયમ દર્શકોની ચિચયારી ગુંજી ઉઠ્યુ હતુ.

## જી-૨૦ હેઠળ બીજી એનર્જી ટ્રાન્ઝીશન વર્કિંગ ગ્રુપ મીટિંગ ગાંધીનગર ખાતે યોજાશે

**કેન્દ્રીય રાજ્યમંત્રી આયુષ તેમજ મહિલા અને બાળવિકાસ મંત્રી ડો. મહેન્દ્ર મુંજપરા આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે**

ગાંધીનગર, તા.૩૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ ભારત માટે જી૨૦ની અધ્યક્ષતા દેશના ઈતિહાસમાં નિર્ણાયક બાબત છે, કારણકે તે આઝાદી કા અમૃત મહોત્સવ સાથે એકરૂપ થાય છે. વિવિધ ક્ષેત્રો જેવા કે, પર્યાવરણ અને ક્લાઈમેટ ચેન્જ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને ઊર્જા સંરક્ષણ પર કાર્યક્રમો આયોજિત કરવાનું સન્માન ગુજરાતને પ્રાપ્ત થયું છે, જે જી૨૦ સમિટના એકંદર લક્ષ્યાંકો અને એજન્ડા સાથે સુસંગત છે.

ગુજરાત ૨ થી ૪ એપ્રિલ, ૨૦૨૩ દરમિયાન રાજ્યની રાજધાની ગાંધીનગર ખાતે બીજી એનર્જી ટ્રાન્ઝીશન વર્કિંગ ગ્રુપ મીટિંગની યજમાની કરવા માટે તૈયાર છે. કેન્દ્રીય રાજ્ય કક્ષાના આયુષ તેમજ મહિલા અને બાળવિકાસ મંત્રી ડૉ. મહેન્દ્ર મુંજપરા આ કાર્યક્રમમાં હાજરી આપશે. આ કાર્યક્રમમાં વિવિધ દેશોના આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓ હિસ્સો લેશે, જેમાં આર્જેન્ટિના, ઓસ્ટ્રેલિયા, બાંગ્લાદેશ, બ્રાઝિલ, કેનેડા, ચાઈના, ડેન્માર્ક, ઈજિપ્ત, ફ્રાન્સ, જર્મની, ઈન્ડોનેશિયા, ઈટલી, જાપાન, મોરેશિયસ, મેક્સિકો, નેધરલેન્ડ્સ, નાઈજિરિયા, ઓમાન, સાઉથ કોરિયા, રશિયા, સાઉદી અરેબિયા, સિંગાપુર, દક્ષિણ આફ્રિકા, સ્પેન, તુર્કી, યુએઈ, યુનાઈટેડ કિંગડમ, યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા અને અન્ય દેશોનો સમાવેશ થાય છે. ઉપરાંત, આ કાર્યક્રમમાં વિવિધ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના પ્રતિનિધિઓ પણ હિસ્સો લેશે. આ સંસ્થાઓમાં, એશિયન ડેવલપમેન્ટ બેંક (ADB), ઈકોનોમિક રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ ફોર એશિયાન અને ઈસ્ટ એશિયા (ERIA), ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી (IEA), ઈન્ટરનેશનલ એનર્જી ફોરમ (IEF), ઈન્ટરનેશનલ એનર્જી ફોરમ (IEF), ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ (ISA), ઈન્ટરનેશનલ રિન્યુએબલ એનર્જી એજન્સી, સસ્ટેનેબલ એનર્જી ફોર ઓલ, યુનાઈટેડ નેશન્સ ઈકોનોમિક એન્ડ સોશિયલ કમિશન ફોર એશિયા એન્ડ ધ પેસિફિક, યુનાઈટેડ નેશન્સ એન્વાયર્મેન્ટ પ્રોગ્રામ, યુનાઈટેડ નેશન્સ ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન, યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ, વર્લ્ડ બેંક, વર્લ્ડ ઈકોનોમિક ફોરમ વગેરેનો સમાવેશ થાય છે.

## સિવિલ હોસ્પિટલ દ્વારા દર્દીઓના હિતાર્થે નવતર પહેલ હાથ ધરાશે

**સિવિલ હોસ્પિટલે પણ ડિજિટલ અભિગમ અપનાવ્યો : દર્દીઓ એક વખત ડોક્ટરની મુલાકાત લીધા બાદ ફરી વખત તપાસ માટે આવવા એસએમએસ કરીને જાણ કરાશે**

અમદાવાદ, તા.૩૧

સિવિલ હોસ્પિટલ દ્વારા ૧ એપ્રિલથી દર્દીઓના હિતાર્થે નવતર પહેલ હાથ ધરાશે. હોસ્પિટલમાં નિદાન અને સારવાર અર્થે આવતા દર્દીઓ એક વખત ડોક્ટરની મુલાકાત લીધા બાદ ફરી વખત તપાસ માટે આવવા એસએમએસ કરીને જાણ કરવામાં આવશે. દર્દીઓએ ફરી વખત હોસ્પિટલમાં આવતા સમયે આગળની સારવારના કાગળ ઓપીડી વિભાગમાં સવારે ૮.૩૦ કલાકે બતાવવાના રહેશે.

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સુપ્રીટેન્ડન્ટ ડૉ. રાકેશ જોશીએ જણાવ્યું હતું કે, દર્દીઓને સત્વરે અને સરળતાથી શ્રેષ્ઠ સારવાર ઉપલબ્ધ થાય એ હેતુથી દર્દીઓના સુખાકારીમાં વધારો કરતી પહેલ હાથ ધરાશે. સમગ્ર દેશમાં જ્યારે ડિજિટલ ઈન્ડિયા અંતર્ગત ગુડ ગવર્નન્સ અને એમ ગવર્નન્સના અભિગમ સાથે સરકારી સેવાઓને સરળ બનાવવામાં આવી રહી છે ત્યારે આ સમગ્ર પ્રક્રિયાને અનુસરીને સિવિલ હોસ્પિટલે પણ આ ડિજિટલ અભિગમ અપનાવ્યો છે. સમગ્ર દેશમાં જ્યારે ડિજિટલ ઈન્ડિયા અંતર્ગત ગુડ ગવર્નન્સ અને એમ ગવર્નન્સના અભિગમ સાથે સરકારી સેવાઓને સરળ બનાવવામાં આવી રહી છે ત્યારે આ સમગ્ર પ્રક્રિયા ને અનુસરીને સિવિલ હોસ્પિટલે પણ આ ડિજિટલ અભિગમ અપનાવ્યો છે.

## રાજ્યમાં પાંચ દિવસ વરસાદ થવાની કોઈ શક્યતા નથી

**ખેડૂતો માટે મોટી રાહતના સમાચાર : ગુજરાતમાં છેલ્લા થોડા દિવસથી સતત કમોસમી વરસાદ વરસી રહ્યો છે જેના કારણે ખેડૂતોનો ભારે નુકસાન થયું છે**

અમદાવાદ, તા.૩૧

રાજ્યમાં કમોસમી વરસાદથી ચિંતિત ખેડૂતો માટે મોટી રાહતના સમાચાર છે. રાજ્યમાં ૫ દિવસ વરસાદની કોઈ શક્યતા નથી.

હવામાન વિભાગના મતે દક્ષિણ ગુજરાતના વલસાડ સહિતના વિસ્તારોમાં ક્યાંક છૂટોછવાયો વરસાદ પડી શકે છે. રાજ્યમાં વાદળા દૂર થતા જ ફરી ગરમીનું જોર વધશે. શનિવારે તાપમાનમાં બે થઈ લઈને ચાર ડિગ્રી સુધીનો વધારો થઈ શકે છે. તો અમદાવાદમાં તાપમાન ૩૫ કે ૩૬ ડિગ્રી રહી શકે છે. ગુજરાતમાં છેલ્લા થોડા દિવસથી સતત કમોસમી વરસાદ વરસી રહ્યો છે. જેના કારણે ખેડૂતોનો ભારે નુકસાન થયુ છે. એક પછી એક કમોસમી વરસાદના રાઉન્ડ આવી ગયા છે. જેના કારણે રાજ્યમાં ખેડૂતોનો પાક બરબાદ થઈ ગયો છે. તો રવિ પાકોમાં બાજરી, ઘઉં, જુવાર, ડુંગળી અને કેરી જેવા અન્ય પાકમાં નુકસાનની શક્યતા છે. જો કે હવામાન વિભાગે આપેલી હાલની આગાહી પ્રમાણે હવે ખેડૂતોને રાહત રહેશે. ગુજરાતમાં આવતીકાથી કમોસમી વરસાદ વરસવાની શક્યતા નહીંવત છે.

હવામાન વિભાગે આપેલી આગાહી અનુસાર વલસાડ જિલ્લાના કપરાડામાં કમોસમી વરસાદ વરસ્યો છે. કપરાડાના ઉમરગામ સહિત અન્ય કેટલાક વિસ્તારોમાં માવઠાનો માર જોવા મળી રહ્યો છે. વરસાદના કારણે રસ્તાઓ પર પાણી ફરી વળ્યા છે. તો બીજી તરફ ભારે વરસાદથી કેરીના પાકને વ્યાપક નુકસાનની ભીતી સેવાઈ રહી છે. ખેડૂતો ભારે ચિંતામાં મુકાયા છે.

ભાવનગરના જેસરના પવન સાથે કમોસમી વરસાદ વરસ્યો છે. બિલ્લા, ઉગલવાણ, સરેરા અને શાંતિનગરમાં પવન સાથે કમોસમી વરસાદ પડ્યો છે. જેસર તાલુકામાં આજે વહેલી સવારથી જ વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. બાદમાં વરસાદ ખાબક્યો હતો.

## દેશમાં પ્રથમ વખત સાંસદ અને ધારાસભ્ય વચ્ચે ઓપન ડિબેટ થશે

આવતીકાલે ભાજપ અને આપના નેતા વચ્ચે ઓપન ડિબેટમાં એક મંચ પર સામ સામે આવશે. સાંસદ મનસુખ વસાવાએ આપના ધારાસભ્ય ચૈતર વસાવાને ૧ એપ્રિલના રોજ સવારે ૧૦ વાગે રાજપીપલા ગાંધી ચોક ખાતે ડિબેટ કરવા માટે ખુલ્લું આહ્વાન આપ્યું છે. ત્યારે મનસુખ વસાવાની ઓપન ચેલેન્જને આપના ધારાસભ્ય ચૈતર વસાવાએ સ્વીકારી છે. ત્યારે આવતીકાલે પહેલીવાર આવો નજારો જોવા મળશે કે સાંસદ અને ધારાસભ્ય ઓપન ડિબેટ કરશે.

## અમૂલ ડેરી દ્વારા દૂધનાં ખરીદ ભાવમાં વધારો અપાયો

આણંદ, તા.૩૧

અમૂલે પશુ પાલકોને આનંદનાં સમાચાર આપ્યા છે. અમૂલ ડેરી દ્વારા દૂધનાં ખરીદભાવમાં પ્રતિલીટર ૨૦ રૂપિયાનો વધારો અપાયો છે. પ્રતિ કિલો ફેટ ૮૦૦ માં વધારો કરી ૮૨૦ રૂપિયા ચુકવાશે. સાથે જ અમૂલે કહ્યું કે, ૧લી એપ્રિલ દૂધનો નવો ખરીદભાવ અમલમાં આવશે. આ ભાવ વધારાથી અમૂલ સાથે સંકળાયેલા ચાર લાખ પશુપાલકોને સીધો ફાયદો થશે. આણંદની અમૂલ ડેરી ખાતે અમૂલ ડેરીનાં ચેરમેન વિપુલ પટેલએ જાહેરાત કરતા જણાવ્યું હતુ કે, અમૂલ દ્વારા દૂધનાં ખરીદ ભાવ પ્રતિ કિલો અગાઉ ૮૦૦ આપવામાં આવતા હતા જેમાં ૨૦ રૂપિયાનો વધારો કરી હવે દૂધનો નવો ખરીદ ભાવ ૮૨૦ રૂપિયા ચુકવવામાં આવશે. આવતીકાલે ૧લી એપ્રીલથી સવારથી દૂધનો નવો ખરીદભાવ અમલમાં આવશે.

## આંતરરાષ્ટ્રીય મુસાફરો માટે નવી ગાઈડલાઈન્સ

અમદાવાદ, તા.૩૧

ગુજરાતમાં સતત વધી રહેલા કોરોનાના કેસ હવે ચિંતા જગાવી રહ્યાં છે. જેને કારણે કોરોનાની નવી ગાઈડલાઈન બહાર પાડવામા આવી છે. ગુજરાતમાં વધતા કોરોનાને કેસોને કારણે આંતરરાષ્ટ્રીય મુસાફરો માટે નવી ગાઈડલાઈન્સ જાહેર કરાઈ છે. નવી ગાઈડલાઈન મુજબ, ચીન, સિંગાપોર, હોંગકોંગ, કોરિયા, થાઈલેન્ડ અને જાપાનથી આવનાર મુસાફરો માટે નવા નિયમો મૂકાયા છે. આ આદેશ અનુસાર, આ દેશોમાંથી આવનાર મુસાફરો માટે આરટીપીસીઆર નેગેટિવ રિપોર્ટ હોવો જરૂરી છે. નેગેટિવ રિપોર્ટને જ એરપોર્ટ સુવિધા પોર્ટલ પર અપલોડ કરવાનો રહેશે. ગુજરાત સ્વાસ્થય વિભાગ દ્વારા અમદાવાદ અને સુરત એરપોર્ટ પર આ ગાઈડલાઈન જાહેર કરાઈ છે. છેલ્લાં ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૩૮૧ નવા કેસ નોંધાયા છે. આ સ્થિતિમાં રાજ્ય સરકારે ટેસ્ટિંગ માટેની ગાઈડલાઈન જાહેર કરી છે. જે મુજબ ૬ દેશમાંથી ગુજરાતમાં આવતા પ્રવાસીઓ માટે RTPCR ટેસ્ટ ફરિજયાત કરવામાં આવ્યો છે.

## બ્લુ સ્ટારે નવી અત્યાધુનિક વાડા ફેકટરીમાં બનાવેલી સ્ટોરેજની વધુ ક્ષમતા ધરાવતાં અને વધુ ઠંડક આપતા શ્રેષ્ઠતમ કક્ષાના ડીપ ફ્રીઝર્સની નવી શ્રેણી લોન્ચ કરી

ગાંધીનગર, તા.૩૧

બ્લુ સ્ટાર લિમીટેડે આજે તેની નવી સ્વદેશી ડિઝાઈનવાળી અને સ્ટોરેજની અને વધુ ઠંડકની વધુ ક્ષમતા ધરાવતાં ડીપ ફ્રીઝરની શ્રેષ્ઠતમ શ્રેણી લોન્ચ કરવાની જાહેરાત કરી હતી. આ શ્રેણીનું ઉત્પાદન કંપનીના વાડા ખાતેના નવા વિશ્વસ્તરના પ્લાન્ટમાં કરવામાં આવ્યું છે.

**સંગ્રહ માટે વધારાની જગ્યા અને ઉચ્ચતમ ઠંડક ક્ષમતા ઓફર કરતી ડીપ ફ્રીઝર્સની શ્રેષ્ઠ કક્ષાની નવી શ્રેણી**

બ્લુ સ્ટારના નવા અત્યાધુનિક વાડા પ્લાન્ટમાં બનાવવામાં આવેલા નવી શ્રેણીના ડીપ ફ્રીઝર્સની ડિઝાઈન સ્વદેશી છે. આ ડીપ ફ્રીઝર્સ વધુ સ્ટોરેજ ધરાવે છે અને વધુ ઠંડક આપે છે. બ્લુ સ્ટારને ભારત સરકારના ક્વોલીટી કંટ્રોલ ઓર્ડર (ક્યુસીઓ) હેઠળ આ ડીપ ફ્રીઝર માટે બીઆઈએસ પ્રમાણપત્ર પ્રાપ્ત થયું છે. વધુમાં આ શ્રેણી ઉચ્ચ કાર્યક્ષમ કામગીરી પ્રદાન કરતી શ્રેષ્ઠ તકનીકો ધરાવે છે. આમા વધારાની ઠંડક પૂરી પાડતી અને પૂરતી ઠંડક માટે વધારે ગરમીના રૂપાંતરની ખાતરીદાયક ટેકનોલોજી છે.

**ભારત સરકાર દ્વારા મેક ઈન ઈન્ડિયા પહેલ પર ધ્યાન કેન્દ્રિતતા**

આત્મનિર્ભર ભારતમાં દ્રઢ વિશ્વાસ ધરાવતી આ કપંનની યોજના તેના નવા વાડા પ્લાન્ટમાં ઉચ્ચ સ્તરના ઉપકરણો અને નવીનતમ તકનીકો ધરાવતા ૩૦૦ લીટરથી નાની ક્ષમતાના ડીપ ફ્રીઝર બનાવવાની છે. આ સાથે કંપની પાસે વિવિધ ગ્રાહકોની જરૂરીયાતોને પુરી કરવા માટે ૫૦ લીટરથી ૬૦૦ લીટર સુધીની સ્વદેશી ડીઝાઈન કરેલી અને ઉત્પાદિત ડીપ ફ્રીઝરની સંપૂર્ણ શ્રેણી હશે.

**કોલ્ડ ચેઈનના આધુનિક ઉત્પાદનો અને ઉકેલોમાં મુલ્યવૃધ્ધિ**

બ્લુ સ્ટારે લગભગ ૮૦ વર્ષ દરમ્યાન પ્રાપ્ત કરેલી કુશળતાના અનુભવ સાથે હવે તેના ઉત્પાદનોની એક વ્યાપક શ્રેણી વિકસાવી છે. જેમાં કોલ્ડ ચેઈન માટેના સાધનો અને વ્યાવસાયિક ઉપયોગ માટેના રેફ્રિજરેશન ઉત્પાદનોનો સમાવેશ થાય છે. આ ઉત્પાદનો ઉદ્યોગના તમામ ક્ષેત્રોની સંપૂર્ણ જરૂરીયાત પુરી કરે છે. આ શ્રેણીમાં કૃષિ પેદાશો, કેળાને પકવવા, ડેરી, ફાસ્ટ ફુડ ચેઈન્સ, હેલ્થકેર, હોર્ટિકલ્ચર, હોટલ્સ અને રેસ્ટોરન્ટસ, આઈસ્ક્રીમ, મીટ પ્રોસેસીંગ, ઔષધિ, પ્રોસેસ્ડ ફુડસ, ક્વીક સર્વિસ રેસ્ટોરન્ટસ, રીટેલ સ્ટોર્સ અને સી ફુડ જેવા ક્ષેત્રોની જરૂરીયાતોને પુરી કરતાં ઉત્પાદનોનો સમાવેશ થાય છે. બ્લુ સ્ટારના કોલ્ડ સ્ટોરેજ ઉત્પાદનોની પ્રતિષ્ઠાની સુસંગતતા આવરદા વધારતા મંત્રની સાથે છે. પ્રોડકટસ અને સોલ્યુશન્સ ઉત્પાદનની આવરદા વધારવા પુરતી નહીં પરંતુ તેમા મુકવામાંઆવેલી ચીજોની તેમના સંગ્રહ કાળ દરમિયાન અસરકારકતા અને સ્વાદ જળવાઈ રહે તે રીતે ડીઝાઈન કરવામાં આવ્યા છે.

### માર્ગ બંધ કરાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઓર્ડર ૪ જાન્યુઆરીના રોજ જારી કરવામાં આવેલ છે. આ કામ હવે ઝડપથી શરૂ થશે.

અધિક નિવાસી કલેક્ટર દ્વારા આજ મહિનામાં આ બીજો માર્ગ બંધ કરવાનું જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવ્યુ છે. અગાઉ ‘છ’ રોડ પરના પ્રતિબંધાત્મક આદેશો જારી કરવામાં આવ્યા છે. મેટ્રોરેલ પ્રોજેક્ટને લઈ આ માર્ગ બંધ કરાયો છે. તો ક-૬ થી ખ-૬ સુધીનો માર્ગ રેલ્વે ઓવરબ્રીજ બનાવવા માટે બંધ કરવામાં આવ્યો છે.

### ગ-માર્ગને

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ફર્નિચરનુ કામ બાકી છે. જેમાં કેટ આઈ થર્મોપ્લાસ્ટના પટ્ટા સહીત માર્ગની સુંદરતા અને સલામતીને અનુલક્ષી જરૂરી કામગીરી હવે હાથ ધરાશે. આ માટે વનતંત્ર કક્ષાએથી પણ જરૂરી મંજુરી મેળવવાની પ્રક્રીયા પુર્ણ કરી દેવામાં આવી છે. ત્યારે માર્ગ પર જરૂરી ટ્રીમીંગ કરવામાં આવે તેવી માંગ પણ પ્રબળ બની છે. માર્ગને અનુલક્ષી સાઈકલ ટ્રેક પણ તૈયાર કરવામાં આવ્યો છે પરંતુ નડતરરૂપ ડાળાઓ દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી નથી. નગરના મુખ્ય ગ માર્ગને સિકસલેન બનાવાની કામગીરી લાંબા સમયના અંતે પણ પુર્ણ થઈ નથી કોરોના કાળમાં ગ માર્ગનુ કામ વિલંબમાં પડ્યુ હતુ. જયારે હવે નગરના મુખ્ય ગ માર્ગ પર ટ્રાફિકનુ પ્રમાણ વધ્યુ છે. જયારે ગ માર્ગ પર ગ- ૪ પાસે અન્ડર પાસ પણ ધમધમતો રહે છે. જો કે હજુ માર્ગને આખરી ડામર કામ કરવાનુ કામ બાકી છે. ત્યારે ગ માર્ગની યોજનાને આગામી ચોમાસા પહેલા પુર્ણ કરી દેવાશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

### પોકાર ઉઠશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમજ સંગ્રહ વ્યવસ્થાપન યોગ્ય કરવા માટે પણ સરકારને રજુઆત કરવામાં આવી હતી. સેકટરોમાં એકબાજુ સ્માર્ટ સીટી અન્વયે ૨૪ કલાક પાણી સપ્લાય આપવા માટે નવી લાઈન નાંખવામાં આવી રહી છે. ત્યારે બીજીતરફ સેકટરોમાં સપ્લાય થતા પાણીના મામલે શુધ્ધિકરણ પ્લાન્ટની ક્ષમતા વધારવી પણ અનિવાર્ય બની છે. આકરી ગરમીના દિવસો નજીકમાં છે ત્યારે સેકટરોમાં પાણીની પોકારને ડામવા માટે અત્યાર થી જ આયોજન કરવાનુ અનિવાર્ય બન્યુ છે. નવો પ્લાન્ટ તૈયાર કરવાનુ કામ પણ ઝડપથી આગળ વધે તે પણ અનિવાર્ય છે. અગાઉ ગરમીના દિવસોમાં પાણીના મામલે સેકટરોમાં બેડાયુધ્ધ જેવી સ્થિતિ સર્જાતી હતી. સેકટરોમાં ગરમીના દિવસોમાં પાણીનો વપરાશ પ્રતિદિન ૫ થી ૧૦ એમ એલ ડી જેટલો વધી જાય છે જયારે હાલ પાણી શુધ્ધિકરણ પ્લાન્ટની ક્ષમતા અંદાજિત ૬૦ એમ એલ ડી જેટલી છે. જયારે ગરમીમાં વપરાશ વધી જાય છે આગામી દિવસોમાં પાણીની જરૂરિયાતને પહોંચી વળવા માટે પાણી વ્યવસ્થાપન ક્ષમતા વધારવી અનિવાર્ય છે.

### અષાઢ ચઢ્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૩૫ ડીગ્રી વચ્ચે જ સ્થિત જોવા મળે છે. જયારે લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં પણ રોજબરોજ મોસમના નઝારા સાથે નોંધપાત્ર બદલાવ જોવા મળે છે. મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચેનો તફાવત પણ ઘટી ગયો છે. ગઈકાલે લઘુત્તમ તાપમાન ૪ ડીગ્રી ઉચકાયુ છે. જયારે આજે ઠંડીનો પારો ૨૦ ડીગ્રીએ આવી ગયો હતો. બીજીતરફ ગરમીનો મિજાજ પણ મંદ થઈ ગયો છે. આજે મહત્તમ તાપમાન ૩૪ ડીગ્રી રહ્યુ હતુ. ગઈકાલે સાંજે પણ વરસાદી છાંટણા બાદ વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી જયારે આજે વહેલી સવારે મોર્નિંગ વોક દરમિયાન પણ નાગરિકોએ ઠંડીના ચમકારાનો અહેસાસ કર્યો હતો.

આજે સવારે અને સાંજ ભેજનુ પ્રમાણ પણ ૮૦ થી ૮૪ ટકા રહ્યુ હતુ. ચૈત્ર તપવાના ટાંણે હાલ અષાઢી નઝારા વચ્ચે હજુ ઠંડીની મોસમ ડોકીયા કરતી હોય તેવી સ્થિતિ સર્જાઇ છે. નગરજનો સતત ત્રેવડી ઋતુના મારથી પરેશાન છે. જયારે હજુ એપ્રિલ મહીનામાં પણ મોસમની ગાડી પાટે ચઢે તેમ ન હોવાનુ હવામાન તજજ્ઞો જણાંવી રહ્યા છે. એપ્રિલમાં પણ પ્રારંભિક દિવસોમાં ઘણાં ઠેકાણે માવઠુ થશે તેમ પણ જણાંવાયુ છે. મોસમના આ વિચિત્ર મિજાજથી જનજીવન પ્રભાવિત છે. દિવસના અંતે વરસાદી વાયરા વચ્ચે નગરજનોમાં મોસમનો આ બદલાવ પણ ચર્ચાનો મુખ્ય વિષય બને છે.

### ફેરફારો

● અનુસંધાન પહેલાનું ચાલુ

વહીવટીતંત્રમાં કરાયેલા આ ફેરફારોમાં ક્યાંક વધારાનો ચાર્જ પણ આપવામાં આવેલ છે.

આજે કરાયેલ હુકમોમાં એસ.જે. હૈદરને શિક્ષણમાંથી બદલી ઉદ્યોગ-ખાણ વિભાગમાં, અગ્ર સચિવ મુકેશકુમારને શિક્ષણ વિભાગમાં, જી.એસ.પી.સી.ના મેને. ડિરેક્ટર સંજીવકુમારને વન અને પર્યાવરણ વિભાગમાં અગ્ર સચિવ તરીકે તો મિલિન્દ તોરવણેને જી.એસ.પી.સી.ના મેને. ડિરેક્ટર બનાવવામાં આવ્યા છે. પ્રવાસન નિગમના મેને. ડિરેક્ટર આલોક પાન્ડેને મહેસુલ વિભાગમાં ખસેડવામાં આવ્યા છે.